# Greenlawns High School

MUMBAI - 400036

**For the Terminal Examination Year 2025-26** **Time: 3 hours**

**Std: VII** **Sub: Gujarati 2 Lang** **Date: ______________** **Marks: 80**

**Name: ________________________________________ Roll No. _______________**

વિભાગ અ
**SECTION A (40 MARKS)**

પ્રશ્ન ૧. નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. **(૧૨)**
૧. મારા સપના નું ભારત
૨. મારો સ્મરણીય પ્રવાસ
૩. 'સોશિયલ મીડિયા – આજ ના વિદ્યાર્થીઓ માટે દૂષણ' આ વિધાન પર તમારા વિચાર દર્શાવો
૪. 'કરો તેવું ભરો' કહેવત ને આધારે વાર્તા કે પ્રસંગ લખો.
૫. નીચે આપેલું ચિત્ર જોઈ તમારા મન માં ઊઠતા વિચારો દર્શાવો.



પ્રશ્ન ૨. નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર પત્ર લખો. **(૮)**
૧. રક્ષા બંધન માટે તમારી બહેન ને આમંત્રણ આપતું પત્ર લખો.
૨. ખૂબ વરસાદ ને કારણે તમને મુશ્કેલીઓ નો સામનો કરવો પડ્યો તે વિશે માહિતી આપતો તમારા મિત્ર ને પત્ર લખો.

પ્રશ્ન ૩. નીચે આપેલા ગદ્યખંડ વાંચી પ્રશ્નો ના યોગ્ય ઉત્તરો લખો. **(૧૦)**

નિધિએ ક્યારેય પોતાના ગામની બહાર લાંબી મુસાફરી કરી નહોતી. ઉનાળાની રજાઓમાં તેના પિતાએ તેને અમદાવાદ શહેર બતાવવાનું નક્કી કર્યું. નિધિ માટે બધું નવું હતું — ઊંચી ઈમારતો, ઝગમગતી લાઈટો અને વ્યસ્ત રસ્તાઓ. શરૂઆતમાં તે ઉત્સાહિત હતી, પણ ટૂંક સમયમાં તેને સમજાયું કે શહેરનું જીવન ગામ કરતાં ઘણું ઝડપી છે અને અહીં લોકો પાસે વાત કરવા માટે સમય નથી.

એક દિવસે તેઓ કાંકરિયા તળાવ ફરવા ગયા. ત્યાં નિધિએ એક નાની છોકરીને ફુગ્ગા વેચતા જોયી. છોકરી તેના વયની જ હતી, પણ તે અભ્યાસ કરતા રોજ મજૂરી કરતી હતી. નિધિએ વિચાર્યું કે તે શાળામાં જઈ શકે છે, પુસ્તક વાંચી શકે છે, પણ આ છોકરીને એ તક નથી. આ વિચારથી તે થોડો સમય મૌન રહી ગઈ.

પ્રવાસ પૂરો થયા બાદ જ્યારે તેઓ ગામ પરત ફર્યા, નિધિએ નક્કી કર્યું કે આવતી રજામાં તે ગામના ગરીબ બાળકોને વાંચવું શીખવશે. તેને સમજાયું કે જીવનની સાચી ખુશી ફક્ત નવા અનુભવોથી નહીં, પરંતુ બીજાના જીવનમાં સકારાત્મક ફેરફાર લાવવાથી મળે છે.

પ્રશ્નો:

૧. નિધિ માટે શહેરનું જીવન ગામની તુલનામાં કેવી રીતે અલગ હતું?
(૨)

૨. કાંકરિયા તળાવ પર નિધિએ કોને જોયું અને તે શું કરી રહી હતી? (૨)

૩. છોકરીને જોઈને નિધિના મનમાં શું વિચાર આવ્યા? (૨)

૪. ગામ પરત ફર્યા બાદ નિધિએ શું નક્કી કર્યું? (૨)

૫. વાર્તાને યોગ્ય શીર્ષક આપો. આ વાર્તા વાંચી તમારા મનમાં આવતા વિચારો બે થી ત્રણ વાક્યોમાં જણાવો. (૨)

પ્રશ્ન ૪. સૂચના પ્રમાણે કરો.

૧. નીચે આપેલા વાક્યો કયા કાળ ન છે તે લખો. **(૧)**
ક. મેં અક્ષર સુધારવાનો પ્રયત્ન કર્યો હતો.
ખ. ખેડૂત વરસાદ માં આણંદ માં આવી જશે.

૨. નીચે આપેલા વાક્ય માં નામ શોધી પ્રકાર લખો. **(૧)**
ક. ફૂલો નો ગુચ્છો ખૂબ સુંદર છે.

૩. શબ્દ સમૂહ બદલે એક શબ્દ લખો. **(૩)**
ક. સો મુખ વાળું
ખ. શુભ સમાચાર પત્ર
ગ. જેમાં દોષ નથી તે

૪. નીચે આપેલા રૂઢિપ્રયોગ નો અર્થ લખો. **(૩)**
ક. દાળ માં કાળું
ખ. વાળ વાંકો ન થવો
ગ. હા એ હા કરવી

૫. વિરુદ્ધ જાતિ લખો. **(૨)**
ક. શિક્ષક ખ. સોની

વિભાગ બ
## SECTION B (40 MARKS)

પ્રશ્ન ૫. નીચે આપેલા શબ્દાર્થ લખો. **(૩)**
૧. કંદોરો ૨. નસીબ ૩. સાવકો

**પ્રશ્ન ૬. નીચે આપેલા વિરોધી લખો.** **(૩)**
૧. આગ્રહ ૨. ભરતી ૩. સાર્થક

**પ્રશ્ન ૭. નીચે આપેલા શબ્દો પર થી વાક્ય બનાવો.** **(૩)**
૧. સ્વર ૨. નિશામા ૩. અભ્યાસ

**પ્રશ્ન ૮. નીચે આપેલા શબ્દો ની ભૂલ સુધારી ફરી લખો.** **(૩)**
૧. પરિસ્થીતી ૨. નિણર્ય ૩. જરુખા

**પ્રશ્ન ૯. એક શબ્દ માં જવાબ લાખો.** **(૪)**
૧. ફોર્બ્સ ન મતે ડબોઈ ની ભૂમિ પર કૃપા ઉતરી છે તેવા બે ઘટકો.
૨. મોટો પુત્ર શેનો જાણકાર હતો?
૩. 'ગુજારે જે શિરે' તારે કવિ નું નામ લખો.
૪. ગમાણ માં ઢોરો ને શું કરડે છે?

**પ્રશ્ન ૯. નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર એક બે વાક્યો માં લખો.** **(૪)**
૧. દેલવાડા ના દેરાની કારીગરી ને શું કહેવાય?
૨. કોણ મૂંગા મંતર થઈ ગયા? શા માટે?
૩. હીરા દ્વાર નો કયો સૌંદર્ય ભંડાર લૂંટાઈ રહ્યો હતો?
૪. સીમ અને ઘર કાવ્ય નો પ્રકાર લખો. બપોરે પશુઓ ક્યાં ઝોકું ખાઇ લેતા?

**પ્રશ્ન ૧૦. નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર પૂરા વાક્ય માં લખો.** **(૧૧)**
૧. 'ઋણ નું બંધન' પાઠ દ્વારા શો બોધ મળે છે? (૩)
૨. કવિ કોના વિશ્વાસે બેસી રહેવાની ના પાડે છે? શા માટે? શું કહે છે? (૩)
૩. ફોર્બ્સ એ કોને ક્યાં લઈ જવાની માંગણી કરી? શાસ્ત્રીજી એ શા માટે ના પાડી? (૩)
૪. પશુઓ ક્યાં ચરી રહ્યા હતા? શા માટે? (૨)

**પ્રશ્ન ૧૧. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર લખો.** **(૯)**

'દોષ જોવા માં,
પારંગત આપણે,
ગુણ ન જોતા.'

૧. કવિ નું નામ લખો. તેમને કયો એવોર્ડ મળ્યો છે? (૨)
૨. આપડે કયા ગુણો માં ઉદારતા દેખાડતા નથી પણ સામે વાળા પાસે ઇચ્છીએ છીએ? (૨)
૩. ઉપર આપેલી કાવ્ય પંક્તિ સમજાવો. (૨)
૪. 'નાનો પણ રાઈ નો દાણો' દ્વારા કવિ શું શીખ આપે છે? (૩)